# પ્રેસ નોટ

## મેળવો પોલીસ વિભાગની કેટલીક સેવાઓ સિટીઝન પોર્ટલ દ્વારા હવે ઓનલાઇન

ગુજરાત સરકાર(ગૃહવિભાગ) નવીનત્તમ ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા ગુજરાત પોલીસની કાર્યદક્ષતા તેમજ કાર્યકુશળતા સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે. ઉપરોકત સંદર્ભે ગુજરાત સરકાર દ્વારા તા. ૦૪/૧૦/૨૦૧૭ના રોજથી સિટીઝન પોર્ટલ(Citizen Portal) શરૂ કરવામાં આવેલ છે. જેની લીંક https://gujhome.gujarat.gov.in/portal છે. સિટીઝન પોર્ટલ(Citizen Portal) અંતર્ગત નાગરિકોને પોલીસની કેટલીક સેવાઓ ઇન્ટરનેટના માધ્યમથી ઘર બેઠા મેળવી શકે છે.

**ઉપલબ્ધ સેવાઓ (Available Services)**

આ સિટીઝન પોર્ટલ દ્વારા નાગરીકો પોતાનુ રજીસ્ટ્રેશન કર્યા બાદ ૧૬ સેવાઓ ઓનલાઈન મેળવી શકશે. નાગરિકને આ સેવાઓનો ઉપયોગ કરવા માટે આ પોર્ટલમાં પોતાની નોંધણી કરાવવી ફરજીયાત છે. જેમાં નાગરીકે પોતાનુ નામ, સરનામુ, કોન્ટેક નંબર વગેરે માહિતી આપવાની રહેશે. દરેક નાગરિકે પોતાની યુનિક યુઝરનેમ તથા પાસવર્ડ મળી રહેશે.

- સીટીઝન પોર્ટલ દ્વારા ઈ-ગુજકોપ એપ્લીકેશનમાં નોંધાયેલ એફ.આઈ.આર.ની માહિતી પરથી સામાન્ય જનતા એફ.આઈ.આર.ની કોપી આ સેવાની મદદથી ઓનલાઈન મેળવી શકશે.
- આ સેવાઓની મદદથી કોઇપણ નાગરિક પોતાની અરજી તથા અન્ય માહિતી, ચોરાયેલ/ગુમ થયેલ મિલકતની અરજી અને ગુમ થયેલ વ્યક્તિની અરજી ઓનલાઇન આપી શકે છે.
- આ સેવાઓની મદદથી કોઇપણ નાગરિક સિનિયર સીટીઝનની નોંધણી, ડ્રાઈવરની, સ્થાનીક મદદ(ઘરઘાટી) કે ભાડુઆતની નોંધણી પણ કરાવી શકશે.
- ઓનલાઇન ના વાંધા પ્રમાણપત્ર(એન.ઓ.સી) અને પોલીસ ચકાસણીનું પ્રમાણપત્ર મેળવી શકાશે.
- સીટીઝન પોર્ટલ દ્વારા ગુમ થયેલ વ્યક્તિની માહિતી, ચોરાયેલ તથા પાછી મળેલ મિલકતની માહિતી, ધરપકડ/વોન્ટેડ વ્યક્તિની માહિતી અને બિનવારસી લાશની માહિતી પણ ઓનલાઇન મેળવી શકાશે.

સીટીઝન પોર્ટલ પર અરજદારની અરજી સબમિટ થયા પછી અરજદારને યુનિક નંબર મળશે. જેથી ઉપરોક્ત પોર્ટલમાં નાગરિકો પોતાની ફરિયાદોનું ટ્રેકિંગ પણ કરી શકે છે. જેથી આ ઓનલાઇન સુવિધાઓનો વધુમાં વધુ લાભ સામાન્ય જનતા લે તો તેમને પો.સ્ટે. પર જવાની જરૂર રહેશે નહિ.